વી. એસ. ગણેશવાલા
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે,
ડુંભાલ,સુરત.
ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ/ ૬૧૨૪
તારીખ :૧૭/૧૨/૨૦૨૪

## –:સંમતિ પત્રકઃ–

પ્રતિ,

.......................................
.......................................
.......................................
.......................................
.......................................

**વિષય :–** સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૪૧, ૬૨ અને ૬૯(સાઉથ) નાં જુદા–જુદા વિસ્તારોમાં પાણીની લાઈનમાં કેમેરા ઉતારી લાઈન ચેક કરી બ્લોકેજ, લીકેજ તેમજ ગંદુ પાણી શોધવાનું કામ.

**મહાશય,**

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં ઉપરોકત વિષયમાં જણાવેલ કામે સાઉથ ઝોન–એ(ઉધના)માં પાણીની લાઈનમાં કેમેરો ઉતારી લાઈન ચેક કરી લીકેજ તેમજ ગંદા પાણી શોધવાના કામે મે.કમિશનરશ્રીની તા.૦૯/૧૨/૨૦૨૪ ની મંજુરી અન્વયે મંજુર થયેલ પ્રતિ મીટર રૂ.૨૫૫/– ના ભાવે રૂ.૨૦૦,૦૦૦/– ની મર્યાદામાં કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, તો આપનુ ઇ.એમ.ડી રૂ.૨૦૦૦.૦૦ સહિતનું સંમતિપત્રક **તા.૦૧/૦૧ /૨૦૨૫** સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

## –: શરતો :–

૧. ઈ.એમ.ડી. ની રકમ રૂ.૨,૦૦૦ /– કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે જમા કરવાની રહેશે.

૨. ઈજારદારે અનુભવના પ્રમાણ પત્રની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે ટેન્ડર રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. સાઉથ ઝોન–એ(ઉધના)માં પાણીની લાઈનમાં કેમેરો ઉતારી લાઈન ચેક કરી લીકેજ તેમજ ગંદા પાણી શોધવાના કામે મે.કમિશ્નરશ્રીની તા.૦૯/૧૨/૨૦૨૪ ની મંજુર થયેલ ટેન્ડરના ટેકનીકલ બીડ અને પ્રાઈસબીડની શરતોને ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.

૬. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રેહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૭. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૮. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૯. સદર કામગીરી બાબતે અત્રેના પાણી વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૦. આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦ (દસ) પુરા થયેથી ૬(છ) માસ ની ગણવાની રહેશે.

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)
સુરત મહાનગરપાલિકા